


## ગાંધીનગરના સૌપ્રથમ સ્વામિનારાયણ મંદિર, સે-૨૩ના ૪૧મા પાટોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી

સે-૨૩, સ્વામિનારાયણ મંદિરના ૪૧મા પાટોત્સવ પ્રસંગે સમૂહ મહાપૂજા, મહાઅભિષેક, સમૂહ આરતી, અન્નકૂટ દર્શન તથા પૂ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી (પૂ. ગુરૂજી)ના આશીર્વાદ વગેરે કાર્યક્રમોમાં હજારો ભક્તોએ શ્રદ્ધા પૂર્વક લાભ લીધો હતો.

# અલ્પેશનું ધારાસભ્ય પદ રદ કરવા કોંગ્રેસ દ્વારા ઉગ્ર માંગ

### હાઇકોર્ટના ચુકાદા અનુસંધાનમાં પબુભા માણેકને સસ્પેન્ડ કરવા મામલે કોંગી ધારાસભ્યોએ અધ્યક્ષને રજૂઆત કરી

ગાંધીનગર,તા. ૮

ગુજરાત વિધાનસભામાં અલ્પેશ ઠાકોરનું ધારાસભ્યપદ રદ કરવા માટે કોંગ્રેસે આજે ફરી એકવાર વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીને રૂબરૂ મળી ઉગ્ર રજૂઆત કરી હતી. વિપક્ષ નેતા પરેશ ધાનાણી, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા સહિત કોંગ્રેસના ૧૦ ધારાસભ્યો આજે વિધાનસભા અધ્યક્ષને મળીને અલ્પેશ ઠાકોરનું ધારાસભ્યપદ તાત્કાલિક અસરથી રદ કરવા માંગણી કરી હતી. તો સાથે સાથે ગુજરાત હાઈકોર્ટના ચુકાદા બાદ દ્વારકા વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર પબુભા માણેકના ધારાસભ્ય પદને પણ રદ કરવા માટે રજૂઆત કરી હતી. વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણી સહિત કોંગ્રેસના દસ ધારાસભ્યો આજે વિધાનસભા અધ્યક્ષને રજૂઆત કરવા માટે પહોંચ્યા હતા.

કોંગી ધારાસભ્યોએ વિધાનસભા અધ્યક્ષને મળી રજૂઆત કરી હતી



કે, ગુજરાત હાઈકોર્ટે દ્વારકા વિધાનસભા બેઠકની ચૂંટણી રદબાતલ ઠરાવતાં ભાજપના ઉમેદવાર અને ધારાસભ્ય પબુભા માણેક હવે ધારાસભ્ય પદે ટકતા નથી. ખુદ સુપ્રીમકોર્ટમાંથી પણ પબુભા માણેકને કોઈ રાહત મળી નથી ત્યારે તેમને કેમ સસ્પેન્ડ ના કરવામાં આવે તે મુદ્દે અનેક આક્ષેપ વિપક્ષો દ્વારા કરવામાં આવ્યા હતા.

વિપક્ષના સભ્યો દ્વારા આક્ષેપ કરાયો હતો કે, જે રીતે કોંગ્રેસના ધારાસભ્ય ભગવાનભાઈ બારડનું ધારાસભ્ય પદ રજાના દિવસે સસ્પેન્ડ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો અને ભાજપ દ્વારા આ સમગ્ર મામલે ઉતાવળ કરવામાં આવી હતી. તેવી રીતે જ ભૂપેન્દ્ર ખાંટના કિસ્સામાં પણ ભાજપે મીડિયાની સામેથી બોલાવીને જ સસ્પેન્ડ કરવાનો નિર્ણય કર્યો હતો. તો પછી સુપ્રીમ કોર્ટનો નિર્ણય હોવા છતાં પણ પબુભા માણેકને અત્યાર સુધી સસ્પેન્ડ કરવામાં કેમ આવ્યા નથી તેનો હિસાબ અધ્યક્ષ પાસે માંગવામાં આવ્યો હતો. દરમ્યાન અલ્પેશ ઠાકોરને લોકસભા ચૂંટણી દરમિયાન પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરવા બદલ કોંગ્રેસે ધારાસભ્યપદેથી દૂર કરવાની માંગણી કરી હતી.

અગાઉ તા.૨૫ એપ્રિલે કોંગ્રેસના ધારાસભ્ય અશ્વિન કોટવાલ અને બળદેવજી ઠાકોરે પણ વિધાનસભા સચિવને રૂબરૂ મળીને અલ્પેશનું ધારાસભ્યપદ રદ કરાવવા અરજી કરી હતી. અગાઉ કોંગ્રેસે અલ્પેશ ઠાકોરને પક્ષમાંથી દૂર કરવા માટેની પ્રક્રિયા પણ હાથ ધરી હતી. પક્ષ છોડવાની જાહેરાત કર્યાના ચાર દિવસ બાદ ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે ૧૦ એપ્રિલે કોંગ્રેસને રાજીનામું મોકલી આપ્યું હતું. ત્યારબાદ બનાસકાંઠાના દિયોદરમાં અપક્ષ ઉમેદવારના સમર્થનમાં પક્ષ વિરોધી કાર્ય કરતાં કોંગ્રેસ તેની સામે પગલાં લેવાનો નિર્ણય કર્યો હતો. તેમજ અલ્પેશ ઠાકોરને બિહારના સહપ્રભારી પદેથી હટાવ્યો હતો. હવે કોંગ્રેસ અલ્પેશ ઠાકોરનું ધારાસભ્યપદ રદ કરવાની મથામણમાં જોતરાઈ છે.

# મુખ્યમંત્રી ગુજરાતી સમાજના સંગઠનો સાથે બેઠક યોજશે

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આવતીકાલે, ગુરૂવારે તા. ૯ મે ના મોડી સાંજે દિલ્હીમાં ગુજરાતી સમાજના વિવિધ સંગઠનો સાથે મુલાકાત-બેઠક યોજાશે. કેન્દ્રીયમંત્રી મનસુખભાઈ માંડવીયાની ઉપસ્થિતિમાં દિલ્હી ખાતે શાહ ઓડિટોરિયમ, સિવીલ લાઈન્સ ખાતે મોડી સાંજે ૮ કલાકે આ બેઠક યોજાવાની છે. લોકસભા ચૂંટણીના ૬ઠ્ઠા તબક્કામાં તા. ૧૨ મે ના ૫૯ સંસદીય મતક્ષેત્રો અને ૭ રાજ્યોમાં મતદાન થવાનુ છે તેમાં દિલ્હી સંસદીય મતક્ષેત્રની ૭ બેઠકો માટે પણ મતદાન યોજાવાનુ છે.

મુખ્યમંત્રી આ સંદર્ભમાં વિવિધ ગુજરાતી સમાજ સંગઠનો સાથે ભારતીય જનતા પાર્ટીના સમર્થન માટે બેઠક યોજાશે. મુખ્યમંત્રી આવતીકાલે સાંજે દિલ્હી પહોંચશે અને મોડી રાત્રે ગાંધીનગર પરત આવશે.

## ૧૦મીએ કોંગ્રેસની કારોબારી બેઠક

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિની માસીક કારોબારી બેઠક જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન ચૌધરી તેમજ ધરાસભ્યો સર્વ બળદેવજી ઠાકોર, ડૉ.સી.જે. ચાવડા તથા સુરેશભાઇ પટેલની વિશેષ ઉપસ્થિતીમા જિલ્લા કોંગ્રેસ કાર્યાલય, સે-૨૨, ગાંધીનગર ખાતે તા. ૧૦-૫-૨૦૧૯ શુક્રવારે સવારે ૯ કલાકે યોજાનાર છે. સદર કરોબારી બેઠકમા ગત મહીને યોજાયેલ લોકસભાની ચૂંટણી દરમીયાન કોંગ્રેસના કાર્યકરોએ કરેલ કામગીરીને બિરદાવવા જેવા ઠરાવ પસાર કરવામા આવશે.

# બેતાલીસ ગામ કડવા પાટીદાર સમાજ બચત મંડળનું રજત જયંતિ પર્વ ઉજવાયુ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના સેક્ટર-૨૩માં કડી સ્કૂલ કેમ્પસ સ્થિત નાથીબા સંસ્કાર હોલ ખાતે શ્રી બેતાલીસ ગામ કડવા પાટીદાર સમાજ બચત મંડળના "રજતજયંતિ પર્વ-૨૦૧૯"ની તા. ૫મી મે રવિવારના રોજ ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સાબરમતીના ધારાસભ્ય તથા કડવા પાટીદાર સમાજના અગ્રણી અરવિંદભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ, મહેસાણા જિલ્લા પંચાયતના સભ્ય મંજુલાબેન પટેલ સહિત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

રજતજયંતિ પર્વમાં સમાજના ભાઈ-બહેનો દ્વારા તૈયાર કરાયેલ નૃત્ય, ગરબા, જાદુ, ડાન્સ, એકપાત્રીય અભિનય, વક્તૃત્વ, રંગોળી જેવી વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવી હતી આ ઉપરાંત જે.સી. પટેલ દ્વારા ભ્રષ્ટાચાર દૂર કરવાનો સંદેશ આપતુ નાટક પ્રસ્તુત કરવામાં આવ્યુ હતુ. રજતજયંતિ પર્વ પ્રસંગે બેતાલીસ ગામ કડવા પાટીદાર સમાજ માનવ સેવા સમિતિ ટ્રસ્ટ ભાદોલના ટ્રસ્ટી ગોરધનભાઈ પટેલ જેઓ દેઉસણા બેતાલીસ ગામ કડવા પાટીદાર સમાજના પ્રમુખ પણ છે. તેમના સહિત મહેસાણા શહેર બેતાલીસ ગામ કડવા પાટીદાર સમાજના પ્રમુખ ડૉ. વિષ્ણુભાઈ પટેલ તથા નારદીપુર, ગોઝારીયા, પલિયડ, દેઉસણા, મોખાસણ, માંકણજ, ભટાસણ, સાલડી, સાંગણપુર, દેવીનાપરા, અંબાસણ, ડિંગુચા વગેરે ગામોના ગાંધીનગર, અમદાવાદ અને કલોલ ખાતે કાર્યરત સમાજના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમને સફળ બનાવવા બેતાલીસ ગામ કડવા પાટીદાર સમાજ બચત મંડળના પ્રમુખ નરેન્દ્ર સી. પટેલ, પૂર્વ પ્રમુખ બાબુભાઈ વિ. પટેલ, ઉપપ્રમુખ ઘનશ્યાનભાઈ પટેલ, મંત્રી દશરથભાઈ પટેલ, ખજાનચી ખોડાભાઈ પટેલ તથા કારોબારી સભ્યો ઉપરાંત આર.એન. પટેલ પ્રા. શાળાના આચાર્ય ડી.કે. પટેલ, દશરથભાઈ સી. પટેલ, લલિતભાઈ પટેલ સહિત સભ્યોએ જહેમત ઉઠાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે કાર્યક્રમાં સે.૨૦ના પ્રાગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ખરસાણાના ડાહ્યાભાઈ પટેલ દ્વારા ભોજન વ્યવસ્થા પુરી પાડવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન રાજુભાઈ વિરલ, ગુંજન, મિલિંદ, ઋષિ, પલક તથા જય પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.



છેલ્લા કેટલાક દિવસોથી સે-૧૭ સ્થિત લાયબ્રેરીના મેદાનમાં પ્લાસ્ટિકના કચરાનો ઢેર જોવા મળી રહ્યો છે. સાથે સાથે ત્યાંની દિવાલો પર કરેલા ફેન્સીંગ પણ તુટેલી હાલતમાં છે.

# ગાંધીનગર મતગણતરીની પળેપળની વિગતો નાગરિકોને મળી રહે તે માટે સુચારું આયોજન

લોકસભા સામાન્ય ચૂંટણીની મતગણતરી તા. ૨૩મી મે, ૨૦૧૯ના રોજ યોજાનાર છે. જે અંતર્ગત આજરોજ ૬ ગાંધીનગર સંસદીય મત વિસ્તારની મત ગણતરીના સુચારું આયોજન માટે ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી




અને કલેકટર શ્રી એસ.કે.લાંગાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ હતી.

જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર શ્રી એસ.કે.લાંગાએ જણાવ્યું હતું કે, મત ગણતરી સાથે સંકાળયેલા તમામ અધિકારીઓ અને કર્મયોગીઓએ ચૂંટણી પંચના માર્ગદર્શનનું પાલન કરવાનું રહેશે. તે ઉપરાંત મતગણતરી કેન્દ્રની અંદર કોઈ પણ અધિકારી, કર્મચારી અને અન્ય વ્યક્તિ મોબાઈલ લઈ જઈ શકશે નહી. તેમજ મત ગણતરીની આંકડાકીય વિગતોનું બારીકાઈથી ચકાસણી કરવા પણ ભારપુર્વક જણાવ્યું હતું.

વધુમાં જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ જણાવ્યું હતું કે, ગાંધીનગરના સેકટર-૧૫માં આવેલી સરકારી કોમર્સ કોલેજ ખાતે ગાંધીનગર સંસદીય મત વિસ્તારની મત ગણતરી કરવામાં આવશે. ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં સમાવેશ સાત વિધાનસભા મતદાર વિભાગના મતદાન કેન્દ્રોની મતોની ગણતરી અલગ અલગ રૂમોમાં થશે. તેમજ તમામ રૂમોમાં કામ કરનાર અધિકારીઓ અને કર્મચારીઓને અલગ અલગ કલરના ઓળખપત્ર આપવામાં આવશે. તે ઉપરાંત મત ગણતરી થતી હશે, ત્યાંની વિડિયોગ્રાફી પણ કરવામાં આવશે. તેની સાથે તમામ પ્રકારની ઈલેકટ્રોનિક અને અન્ય સાધન સામગ્રી કે કોમ્પ્યુટર, ટેલીફોન, ફેકસ, ઈન્ટરનેટ સુવિધાઓ જેવી અનેક બાબતની ચર્ચા પણ બેઠકમાં કરવામાં આવી હતી.

**Indian Institute of Teacher Education**
(State Public University of Government of Gujarat)
Ramkrushna Paramhans Vidya Sankul, Sector-15, Kh-Road,
Gandhinagar (Gujarat)-382016.

**Ph.D./M.Phil. Admission 2019**
**Junior Research Fellowship (JRF) 2019**

Online applications are invited from dedicated and interested aspirants who wish to continue their studies in research in education as regular students. For detailed Information Brochure and Online Application, please visit IITE website: www.iite.ac.in

Last date for Online Registration: 16th May 2019

Date: 01-05-2019
Registrar, IITE

# શહેરના કડીયાનાકાનું સરનામું બદલાયું, હવે ગ-૦ ખાતે ભરાશે

ગાંધીનગર શહેરમાં સેકટર-૬ સત્યાગ્રહ છાવણીની બાજુમાં ખુલ્લી જગ્યામાં કડીયાનાકુ ભરાતુ હતું. બિલ્ડીંગ કન્સ્ટ્રકશન સાથે સંકળાયેલા તમામ કારીગરો કડીયાનાકાથી સરળતાથી મળી રહેતા હતા. પરંતુ તંત્રએ કડીયાનાકાનું સરનામું બદલી નાંખ્યું છે હવેથી કડીયાનાકું ગ-૦ ખાતે ભરાશે. જયારે સેકટર-૬ ના મેદાનમાં કડીયાનાકુ ભરાતુ હોવાથી ગંદકી અનો અન્ય સમસ્યાઓને ધ્યાને લઈ છેલ્લા ઘણા સમયથી નાગરીકોની પણ માંગ કડીયાનાકું ખસેડવા માટેની હતી. જયારે તંત્રએ કડીયાનાકુ ખસેડતા નગરજનોમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે.



ગાંધીનગર શહેરના સેકટર-૬ મેદાન ખાતે ભરાતા કડીયાનાકાને લઈ અનેક સમસ્યાઓ સર્જાઈ હતી. શહેરના ૬,૭, ૨ અને ૩ સહિતના નાગરીકો હેરાન પરેશાન થઈ ગયા હતા. આ માર્ગ પરથી નીકળવુ હોય તો મોં પર રૂમાલ રાખવો પડે તેવી સ્થિતિ સર્જાઈ હતી. જયારે કડીયાનાકાને પગલે આસપાસમાં લારી-ગલ્લા તેમજ ઝુંપડાના દબાણો પણ અતિશય વધી જવા પામ્યા હતા. જયારે કડીયાનાકામાં સવારથી સાંજ સુધી શ્રમિક પરિવારોથી ધમધમતો હોવાથી ટ્રાફિક સમસ્યા પણ સર્જાઈ હતી.જયારે થોડાક સમયમાં નવા તૈયાર થયેલા કોમ્પ્લેક્ષના વેપારીઓને પણ ઘણી હેરાનગતિ ભોગવવાનો વારો આવ્યો હતો.જયારે છેલ્લા કેટલાક સમયથી નાગરીકોએ તંત્રને લેખિત જાણ કરીને કડીયાનાકાનું સરનામું બદલવા માટે રજુઆત કરી હતી. નવા કોમ્પ્લેક્ષ બનતા ટ્રાફિક સમસ્યા અને દિવસભર મેળા જેવો માહોલ જામતો હતો.જયારે આ કડીયાનાકાને પગલે નાગરીકોને સરળતાથી પ્લમ્બર, મજુર, કોન્ટ્રાકટર સહિતના જરુરીયાત મજુબના બિલ્ડીંગ કન્સ્ટ્રકશન ક્ષેત્રે સંકળાયેલા સરળતાથી મળી રહેતા હતા.જયારે હવે નાગરીકોને કડીયા શોધવા માટે ગ-૦ ની ઝાડીઓમાં જવુ પડશે. જયારે શહેરમાં કડીયાનાકાના સરનામા બદલાતા નગરજનો પણ હેરાન પરેશાન થાય છે. શહેર વચ્ચે ભરાતા શ્રમિકોના મેળાને તંત્રએ શહેરના છેવાડે મોકલી દીધા છે.

# લોકસભા ચૂંટણીમાં બે માસ જેટલા સમયે પ્રજાજનોને નિરૂત્સાહી કર્યા

### ૨૮મી માર્ચે જાહેરનામાથી શરૂ થયેલી પ્રક્રિયા ૫૭ દિવસના અંતે ૨૩ મે એ પૂર્ણ થશે, ચૂંટણીની એકની એક વાતોથી પ્રજાજનો કંટાળ્યા, ૫૪૩ બેકો માટે ૯૦ કરોડ મતદારો મતદાન કરી શકે તેવી વ્યવસ્થાની ભરપુર પ્રશંસા

ગાંધીનગર, તા. ૮

દેશમાં હાલ લોકસભાની ચૂંટણી અંગેનો જબરદસ્ત માહોલ સર્જાયેલો છે. દેશભરમાં કુલ સાત તબક્કામાં વિવિધ રાજ્યોને સાંકળતી ચૂંટણી પ્રક્રિયા મતગણતરીના દિવસે ૫૭ દિવસ પૂર્ણ કરશે. સૌથી લાંબા ગાળાની આ ચૂંટણી પ્રક્રિયાથી સામાન્ય પ્રજાજનો હવે ચૂંટણીની ચર્ચાઓમાં નિરૂત્સાહી બન્યા છે. દરરોજ એકની એક ચૂંટણીલક્ષી ચર્ચાઓથી પોતાના નિત્યક્રમમાં ખલેલ પહોંચતી હોવાની દલીલો સાથે પ્રજાજનો ફક્ત હવે ૨૩ મે ના દિવસની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે.

દેશના ચૂંટણીપંચે ૨૮ માર્ચના રોજ જાહેરનામુ બહાર પાડી દેશની લોકસભા ચૂંટણીની જાહેરાત કરી હતી. દેશભરના રાજ્યોને સાંકળતી આ ચૂંટણીને સાત તબક્કામાં વહેંચી દેવાઈ હતી. જેમાં હવે ફક્ત બે તબક્કાની ચૂંટણી પ્રક્રિયા બાકી રહે છે. ૫૪૩ બેઠકો શરૂ થયેલી આ ચૂંટણી પ્રક્રિયા ૨૮ માર્ચથી ૨૩ મે એ પૂર્ણ થશે. જેમાં કુલ ૫૭ દિવસ જેટલો સમય ગણાય છે. ૯૦ કરોડ મતદારો મતદાન કરી શકે તેવી સુચારૂ વ્યવસ્થા કરી શકાય તે હેતુથી સાત તબક્કામાં મતદાન ગોઠવી ચૂંટણી પંચે પ્રજાજનોની ભરપુર પ્રશંસા પ્રાપ્ત કરી છે.

પરંતુ ૫૭ દિવસ સુધી ચૂંટણી અંગેની ઠેરઠેર થતી ચર્ચાઓમાંથી પ્રજાજનોએ રસ ઓછો કરવા માંડ્યો છે જેમાં વળી ગુજરાત રાજ્યની ૨૩ એપ્રિલે એક સાથે ૨૬ બેઠકોની થયેલી ચૂંટણી પછી સૌ કોઈ પોતપોતાના ધંધારોજગારે વળી ગયા છે. પરંતુ રજાના દિવસે કે રાત્રીએ થતી બેઠકોમાં ચૂંટણી ચર્ચા એ મુખ્ય વિષય બન્યો હતો. જે હવે વિસરાતો જઈ રહ્યો છે. હવે જ્યારે ૧૨ મેએ છઠ્ઠા તબક્કામાં ૭ રાજ્યોની ૫૯ બેઠક અને ૧૯મે એ સાતમા તબક્કાની ૮ રાજ્યોની ૫૯ બેઠકોની ચૂંટણી બાકી છે ત્યારે સામાન્ય પ્રજાજન આ ચૂંટણીની લાંબી મંજિલથી કંટાળી ગયો છે. અખબાર, ટીવી કે મિત્રો વચ્ચે પણ જ્યારે ને ત્યારે ચૂંટણીની જ ચર્ચાઓ થાય છે ત્યારે હવે ફક્ત પરિણામ ઉપર જ નજર રાખીને અન્ય બાબતોથી પ્રજાજનો અળગા થઈ રહ્યા છે. સાથે સાથે આચારસંહિતા પણ આ સમયગાળા જેટલી જ લંબાઈ ગઈ છે. જેથી આ લોકસભાની ચૂંટણી જેમ બંને તેમ જલ્દીથી પૂર્ણ થાય અને ચૂંટણી ચર્ચાઓથી મુક્તિ મળે તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

Craayons
Pre-School & Activity center
ADMISSION OPEN 2019-20



VISHESH Changing Children's Lives... AFTERNOON BATCH
DAY CARE - PLAY GROUP - SENIOR KG
JUNIOR KG - NURSERY
Call Us For More Detail
+91 99789 77011 / +91 75758 06832
Bungalow No.55, Saptarushi Society, Bh. Krishna Kunj Apartment,
Opposite NID, Kudasan, Gandhinagar - 382 421
www.craayonspreschool.com